

# ગુજરાતને મળી નવી ગતિ

## વંદે ભારત એક્સપ્રેસના

શુભારંભ
સાથે જ

## અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટ – પ્રથમ ચરણનો

ઉદ્ઘાટન સમારોહ

## શ્રી નરેન્દ્રભાઈ મોદી

વડાપ્રધાન
દ્વારા

**શુક્રવાર, 30 સપ્ટેમ્બર, ૨૦૨૨ । સવારે – ૧૧:૦૦ વાગે**

**એ.ઈ.એસ ગ્રાઉન્ડ, દૂરદર્શન મેટ્રો સ્ટેશન પાસે, થલતેજ, અમદાવાદ**

### અમદાવાદ મેટ્રો રેલ

- મેટ્રો ટ્રેન સમાજના એવા ગરીબ વિસ્તારોમાંથી પસાર થશે, કે જ્યાં જાહેર પરિવહનની જરૂરિયાત / માંગ વધુ હોય છે, તેમજ સાંકડા રસ્તાઓ, ભીડ વગેરેને કારણે મુસાફરીનો સમય વધુ હોય છે.
- સાબરમતી-બોટાદ લાઈનના રેલ્વે ટ્રેકની સમાંતર મેટ્રો ટ્રેન ટ્રેકનું અલાઈન્મેન્ટ હોવાથી જમીન સંપાદનમાં ઘટાડો થયો છે અને રહેણાંક સોસાયટી અને કોમર્શિયલ સંસ્થાઓની હાડમારી પણ ઓછી થઈ ગઈ છે. સાથે જ, મલ્ટી મોડલ ઈન્ટિગ્રેશનને મદદ મળી છે.
- ૩૨ કિમીની વિશાળ લંબાઈ સાથે ૨૩ સ્ટેશનોનું ઉદ્ઘાટન. સિંગલ ટ્રિપ માટે સૌથી લાંબો ટ્રેક.
- કાલુપુર, ગાંધીગ્રામ, સાબરમતી, રાણીપ, એ.ઈ.સી., પાલડી વગેરે ખાતે ઈ-રિક્ષાની સુવિધાના આયોજન સહિત બુલેટ ટ્રેન, બ્રોડગેજ / મીટરગેજ ટ્રેક, બીઆરટીએસ, એએમટીએસ અને સ્ટેટ ટ્રાન્સપોર્ટ સાથેનું મલ્ટી મોડલ ઈન્ટિગ્રેશન

### વંદે ભારત એક્સપ્રેસ

- અત્યાધુનિક, સ્વદેશી, સેમી હાઈસ્પીડ, સ્વયંસંચાલિત ટ્રેન સેટ
- ટ્રેનના સામસામે અકસ્માત નિવારણની વ્યવસ્થા (કવચ) સાથે વધુ સારી સલામતી
- ઊર્જા કાર્યક્ષમ એરોડાયનેમિક નોઝ કોન (ટ્રેનનો નાક જેવો આકાર) સાથે સ્ટેનલેસ સ્ટીલ બોડી
- ઓન બોર્ડ વાઈ-ફાઈ ઈન્ફોટેનમેન્ટ, જીપીએસ આધારિત પેસેન્જર ઈન્ફોર્મેશન સિસ્ટમ, સીસીટીવી અને રિક્લાઈનિંગ સીટો
- ૩.૫ના રાઈડિંગ ઈન્ડેક્સ (મુસાફરી સૂચકાંક) સાથે આરામદાયક મુસાફરી
- જંતુઓ સામે સારી સુરક્ષા માટે એસીમાં યુવી લાઈટ ફિલ્ટર
- દિવ્યાંગજનો માટે અનુકૂળ સુવિધાઓ તથા બ્રેઈલ સીટ નંબરની સુવિધા
- ગુજરાત અને મહારાષ્ટ્રના લોકો માટે વિકાસ અને તકોના નવા દ્વાર ખુલશે
- આત્મનિર્ભર ભારતના માર્ગ પર આગળ વધીને આ ટ્રેન રેલ કનેક્ટિવિટીના નવા યુગનો આરંભ કરશે









## શક્તિ આરાધનાના નવરાત્રીના પાવન પર્વમાં આદ્યશક્તિ માં અંબાજીના સાનિધ્યમાં

માનનીય વડાપ્રધાન

# શ્રી નરેન્દ્રભાઈ મોદી

દ્વારા યાત્રાધામ અંબાજી ખાતે ₹ 6909 કરોડના

વિવિધ પ્રકલ્પોના

# ખાતમુહૂર્ત અને લોકાર્પણ

તારીખ : 30-09-2022 • સમય : સાંજે 5-30 વાગે - સ્થળ : અંબાજી - હિંમતનગર હાઇવે, અંબાજી

## કેન્દ્ર સરકારના તથા રાજ્ય સરકારના

## વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ભૂમિપૂજન

₹ 1967.44 કરોડના ખર્ચે પ્રધાનમંત્રી આવાસ યોજના સહિત વિવિધ આવાસોનું થશે નિર્માણ અને લોકાર્પણ :
61805 લાભાર્થીઓને મળશે પોતીકુ ઘર, નવા ભારતનું 'સૌને આવાસ'નું સપનું થશે સાકાર

₹ 1881 કરોડના ખર્ચે ન્યુ પાલનપુરથી ન્યુ મહેસાણા સુધી નવી રેલવે લાઇન :
ગ્રામીણ વિસ્તારોને સારી કનેક્ટિવિટી મળશે અને મુસાફરોની સુવિધા વધશે

₹ 85 કરોડના ખર્ચે મીઠા - થરાદ - ડીસા - લાખણી માર્ગનું ચારમાર્ગીયમાં વિસ્તૃતીકરણ :
ટ્રાફિકનું ભારણ ઘટશે અને વાહનોની અવરજવર સરળ બનશે

₹ 2798.16 કરોડના ખર્ચે તારંગા હિલથી યાત્રાધામ અંબાજી થઇ આબુ રોડને જોડતી નવી બ્રોડગેજ રેલવેલાઇન :
મહેસાણા, બનાસકાંઠા, સાબરકાંઠા જિલ્લાના ૧૦૪ ગામોને રેલવે સુવિધા મળશે અને સ્થાનિક યુવાનો માટે નવી રોજગારીનું સર્જન થશે

₹ 52.84 કરોડના ખર્ચે 'પ્રસાદ યોજના' હેઠળ શક્તિપીઠ ધામ અંબાજી ખાતે યાત્રાળુઓની સુવિધા માટે વિવિધ કામો :
યાત્રાળુઓને મળશે નવી સુવિધા - ધાર્મિક આસ્થા વધશે અને સ્થાનિકોની આવકમાં થશે વધારો

₹ 124.40 કરોડના ખર્ચે રાજસ્થાન સાથે જોડતા અંબાજી બાયપાસ માર્ગનું થશે નિર્માણ :
રાજસ્થાન જતા ભારે વાહનોનો ટ્રાફિક ઘટશે, સમય - ઇંધણ બચશે અને અંબાજી જતા પદયાત્રીઓને ચાલવામાં સુગમતા થશે



પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૩૫ ● કુલ પાના : ૪ ● તારીખ : ૩૦-૦૯-૨૦૨૨ શુક્રવાર ● કિંમત રૂ.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## ગોધરા તાલુકાના કાંકણપુર ગામે નકલી નોટો બનાવવાના કિસ્સામાં આરોપીઓના જામીન અરજી નામંજુર

ગોધરા

સમગ્ર પંચમહાલ જિલ્લામાં ચકચાર જગાવનાર નકલી નોટો બનાવવાના કિસ્સામાં નોંધાયેલ ફરિયાદમાં આરોપીની નિયમિત જામીન અરજી ગોધરા સેશન્સ કોર્ટ દ્વારા નામંજૂર કરવામાં આવી હતી.

બનાવની હકીકત એવી છે કે, કાંકણપુર ખાતે આવેલા હરીશભાઈ વણઝારાના ફાર્મમાં બહારથી માણસો બોલાવીને મોટા પાયે નકલી નોટો બનાવવામાં આવે છે. તેવી માહિતી જીલ્લા પોલીસ વડા હિમાંશુ સોલંકીને મળતા તેમની સુચના મુજબ એલ.સી.બી. પી.આઈ જે.એન. પરમાર દ્વારા કાંકણપુર ખાતેના ફાર્મ હાઉસમાં છાપો મારતાં બે ઈસમો નકલી નોટો બનાવતા રંગે હાથે ઝડપાઈ ગયા હતા અને તેમની પાસેથી નકલી નોટો બનાવવાની તમામ સામગ્રી પકડી પાડી હતી અને ઝડપાઈ ગયેલ બન્ને ઈસમો વિરૂદ્ધ કાંકણપુર પોલીસ સ્ટેશનમાં ગુન્હો રજીસ્ટર કરવામાં આવ્યો હતો. જે ગુન્હાના કામે પકડાયેલ આરોપી પૈકી આરોપી અશોકગીરી પરષોત્તમગિરી ગોસ્વામીએ પંચમહાલ જિલ્લાના પ્રિન્સીપલ ડિસ્ટ્રીક્ટ જજ જે.સી.દોશીની કોર્ટમાં નિયમિત જામીન અરજી દાખલ કરતાં સુનાવણી થતાં જીલ્લા સરકારી વકીલ રાકેશ એસ.ઠાકોરની વિગતવાર દલીલો તથા પોલીસ તપાસના કાગળોને ધ્યાનમાં રાખીને આરોપીની નિયમિત જામીન અરજી નામંજૂર કરવામાં આવી છે. આ હુકમ થવાથી રાષ્ટ્ર વિરૂદ્ધ કામગીરી કરનાર તત્વોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

## શહેરામાં ગેરકાયદેસર રીતે ચાલતા કતલખાના પર દરોડા : ૧૮ પશુઓ બચાવાયા


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરા નગરના ઢાકલીયા અને ભેંસાલ ગામ તરફ જવાના માર્ગ પર આવેલ તળાવ મોહલ્લામાં આવેલ રહેણાંક મકાન માંથી ગેરકાયદેસર રીતે ચાલતા કતલખાના પર દરોડો પાડી ૩૪૦ કિલો માંસનો જથ્થો તેમજ બે વાહનો ઝડપી પાડી ક્રૂરતાપૂર્વક બાંધી રાખેલ ૧૮ પશુઓને બચાવી લઈ પાંજરાપોળ ખાતે મોકલી આપ્યા હતા.

પ્રાપ્ત વિગતો અનુસાર શહેરા પોલીસ મથકના પી.આઈ.આર.કે. રાજપૂતને ખાનગી બાતમીદાર દ્વારા ચોક્કસ બાતમી મળી હતી કે, શહેરા નગરના ઢાકલીયા અને ભેંસાલ ગામ તરફ જવાના માર્ગ પર આવેલ તળાવ મહોલ્લામાં આવેલ રહેણાંક મકાનમાં ગેરકાયદેસર રીતે કતલખાના ચાલતો હોય જ્યાંથી એક સેન્ટ્રો કાર નંબર જીજે ૧૭ એન ૯૭૬૦માં માંસનો જથ્થો ભરી ગોધરા જનાર છે. જે બાતમીના આધારે શહેરા પોલીસના માણસોએ શહેરા નગરમાં આવેલ વાઘજીપુર ચોકડી નજીક નાકાબંધી કરતા વાઘજીપુર તરફના રોડ ઉપરથી બાતમી મુજબની સેન્ટ્રો કાર આવતા તેને રોકી ચાલકનું નામઠામ પૂછતા તેને પોતાનું નામ ઈદ્રિશ મહંમદ ઉભલી ઉ.વ.૪૪, રહે.દરૂણીયા પથ્થર નાયક ફળિયું ગોધરા અને મૂળ મુસ્લિમ સી. સોસાયટી સાતપુલ ગોધરાનો હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદ સેન્ટ્રો કારમાં તપાસ કરતા તેમાંથી માંસનો જથ્થો ભરેલ મળી આવ્યો હતો. જે બાબતે પૂછપરછ કરતા તેણે મુસ્તકીમ મુર્તુજા શેખ અને નસરૂલ્લા મુસ્તફા શેખના શહેરા તળાવ પાસે આવેલ ઘરેથી ભરાવી લાવેલાની કબુલાત કરી હતી. જેને લઈ પોલીસના માણસોએ શહેરા તળાવ મહોલ્લામાં બાતમીવાળા મકાનોમાં જઈ તપાસ કરતા ત્યાંથી માંસનો જથ્થો તેમજ ૧૮ જેટલા પશુઓ ક્રુરતાપૂર્વક ઘાસચારો કે પાણીની સગવડ વિના બાંધી રાખેલ નજરે પડ્યા હતા. જ્યારે અન્ય એક કાર માંથી પણ થેલામાં માંસનો જથ્થો ભરેલ મળી આવ્યો હતો. આમ, શહેરા પોલીસે ૩૪૦ કિલો માંસનો જથ્થો, બે વાહનો તેમજ ૧૮ પશુઓ મળી કુલ રૂ.૩ લાખ ૪૩ હજારનો મુદ્દામાલ કબ્જે કરી પશુઓને ગોધરા જીવદયા પાંજરાપોળમાં મોકલી અપાયા હતા. જ્યારે મળી આવેલ માંસનો જથ્થો પાલિકાના સફાઈ કર્મીઓની મદદથી જમીનમાં દાટી દઈ માંસના જથ્થાનો નાશ કરાયો હતો. આ સમગ્ર મામલે ઈદ્રિશ મહંમદ ઉભલી, મુસ્તકીમ મુર્તુજા શેખ અને નસરૂલ્લા મુસ્તફા શેખ વિરૂદ્ધ પશુધારાની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## ગોધરા પાલિકા વોર્ડ નં.૧માં અસહ્ય ગંદકી અને સ્વચ્છતાના અભાવે રોગચાળાની ભીંતી અંગે સ્થાનિક રહિશોએ મુખ્યમંત્રીને લેખિત રજુઆત કરી

ગોધરા,

ગોધરા શહેરના જાગૃત નાગરિક તેમજ રહીશો દ્વારા નગર પાલિકામાં સમાવિષ્ટ વોર્ડ-૧ માં અસહ્ય ગંદકી, સ્વચ્છતાનો અભાવ અને રોગચાળાની ભીતિ મામલે રાજયના મુખ્યમંત્રી ને લેખિત રજૂઆત કરવામાં આવી છે.

રજુઆતમાં જણાવ્યા અનુસાર છેલ્લા કેટલાય સમયથી ગોધરા નગર પાલિકામાં સમાવિષ્ટ વોર્ડ-૧ માં ગંદકીનું સામ્રાજય ફેલાયેલું છે. ત્યારે જનતા એ ભાજપ પક્ષને ખોબે ખોબા વોટ આપીને ચાર બેઠક તેઓની ઝોળીમાં આપી છે. ત્યારે વોર્ડના ચૂંટાયેલા સ્થાનિક કોર્પોરેટરો દ્વારા તેમજ પાલિકાના શાસકો દ્વારા જે રીતે વોર્ડનાં રહીશોને આરોગ્ય અને પ્રાથમિક જરૂરિયાતોને લઈ ઉદાસીનતા સેવવામાં આવી રહી છે. ઠેર ઠેર ગંદકીના ઢગ નજરે પડે છે. સ્વચ્છતાના નામે મીંડું છે. પાણીના નિકાલ માટેની ખુલ્લી ગટરોનાં કારણે અસહ્ય ગંદકી થઈ રહી છે. મચ્છરનો ઉપદ્રવ વધી રહ્યો છે. જેને કારણે રહીશો માંદગીમાં સપડાઈ રહ્યા છે. ત્યારે વોર્ડનાં રહીશોને ગંદકી મુક્ત, સ્વચ્છતા સભર અને નિરોગી સ્વાસ્થ્ય બનાવવાની જવાબદારી સરકારના શિરે છે. ત્યારે પ્રજાને સામાન્ય પ્રાથમિક જરૂરિયાતો માટે ઝઝૂમવું પડે તે કેટલું યોગ્ય? સરકારી યોજનાઓનો અમલ વોર્ડ-૧ માં નહિ થતો હોવાનો આક્ષેપ પણ કરવામાં આવ્યો છે. વોર્ડ-૧ ના રહીશોની પ્રાથમિક સુવિધાઓ મામલે પાલિકાના સતાધીશો તેમજ કોર્પોરેટરો દ્વારા થતી સતત અવગણના કરવામાં આવી રહી છે.

ત્યારે ગોધરા શહેરનાં ભુરાવાવ વિસ્તારમાં ગુલિયન બેરીસ ડ્રોમ્સ (GBS) રોગ ફેલાયો હતો. જે રોગમાં દસથી વધુ રહીશો સંકજામાં આવ્યા હતા. જે રોગ મચ્છરના ઉપદ્રવના કારણે ફેલાય છે. ત્યારે વોર્ડ-૧ માં તમામ વિસ્તારોમાં અને સોસાયટીઓમાં ગંદકી ફેલાયેલી જોવા મળી રહી છે. ત્યારે આરોગ્ય વિભાગ દ્વારા વોર્ડની પણ જાત મુલાકાત લઈ યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી માંગણી પણ કરવામાં આવી છે. સાથે સાથે વોર્ડમાં કોઈ જાહેર શૌચાલય નથીથ તો વોર્ડમાં અત્યાધુનિક સુવિધાઓ સાથે જાહેર શૌચાલય પણ બનાવવામાં આવે.

ત્યારે વોર્ડ-૧ ની સમસ્યાઓને ધ્યનામાં રાખી સમસ્ત નાગરિકની સમસ્યાનું પરિણામ લક્ષી નિરાકરણ લાવવામાં આવે તેવી ઉગ્ર માંગ કરવામાં આવી છે. ત્યારે આ મામલે હજી પણ આપની કક્ષાએ થી કોઈ નક્કર કાર્યવાહી નહિ કરવામાં આવે તો આગમી સમયમાં ગાંધી ચિંધ્યા માર્ગે જવાની, ભૂખ હડતાળ અને જરૂર પડે તો આત્મ વિલોપનની ચીમકી પણ રહીશો એ ઉચ્ચારી હતી.

## ગોધરા શહેર વચલા ઓડા મુસ્લિમ સોસાયટીમાંથી ૩૧૨ કિલોગ્રામ ગૌમાંસનો જથ્થો ઝડપાયો

ગોધરા,

ગોધરા શહેર બી ડિવિઝન પોલીસને બાતમી મળી હતી કે, ગોધરા શહેરના વચલા ઓઢા મુસ્લિમ સોસાયટીમાં આવેલ એક રહેણાંક મકાનમાં ગૌમાંસનો જથ્થો રાખીને તેનું વેચાણ કરવામાં આવી રહ્યું છે. જેનાં આધારે પોલીસે ગત ૨૮ તારીખે રાતના સમયે બાતમી મુજબના રહેણાંક મકાનમાં છાપો માર્યો હતો. જેમાં પોલીસને ૩૧૨ કિલોગ્રામ માંસનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે માંસનો જથ્થો કબજે લઈને ગૌમાંસ હોવાની આશંકાએ માંસના નમૂના ચકાસણી અર્થે મોકલ્યા હતા. પોલીસે રહેણાંક મકાન માંથી ૬૨,૪૦૦ ની કિંમતનો માંસનો જથ્થો તેમજ અન્ય મુદ્દામાલ મળીને કુલ રૂા. ૬૮,૧૧૫/-નો મુદ્દામાલ કબ્જે લીધો હતો. બીજી તરફ આ માંસનો જથ્થો ગૌમાંસ હોવાનું સામે આવ્યું હતું. જેને લઇને જૈનબબીબી સુલેમાન ખંડુ અને યાસ્મીન સુલેમાન ખંડુંની અટકાયત કરી હતી. જ્યારે ગૌમાંસનો જથ્થો મોકલનાર જુબેર શબ્બીર દાવને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો હતો. જ્યારે તમામ ત્રણ ઈસમો સામે ગોધરા શહેર બી ડિવિઝન પોલીસમથકે પશુ સંરક્ષણ સુધારા અધિનિયમ કાયદા હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો.




Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.35